## ના-વાંધા પ્રમાણપત્રનો નમૂનો

| |
|---|
| પ્રમાણપત્ર<br><br>આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી ..............................................., હોદ્દો..............................................આ .............................................ખાતામાં તા. .......................થી સતત જગ્યા પર કામ કરે છે.<br>૧. એ પણ પ્રમાણિત કરવામાં આવે છે કે જ્યારે તેઓની સરકારમાં પ્રથમ નિમણૂક કરવામાં આવી હતી ત્યારે તેઓએ જે જગ્યા માટે અરજી કરી છે તે જગ્યા માટે નિયત કરવામાં આવેલ ઉપલી વયમર્યાદાની અંદર હતા અને તેઓની નિમણૂક માન્ય પદ્ધતિ દ્વારા હંગામી/કાયમી રીતે કરવામાં આવી છે.<br>૨. જગ્યાનું નામ : ...................................................................... (વર્ગ - ............... જે જગ્યા માટે શ્રી/શ્રીમતિ .......................................................... એ અરજી કરી છે તે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા વિચારણામાં લેવામાં આવે તો આ ખાતાને હરકત સરખું નથી.<br><br>( )<br>નામ<br>હોદ્દો<br>સ્થળ : ખાતાના વડા / અધિકૃત અધિકારીની સહી તથા સિક્કો<br>તારીખ :<br>પ્રતિ,<br>શ્રી .................................<br>.......................................<br>....................................... |

## T. અરજી / પરીક્ષા ફી:-

1. ઓનલાઈન અરજીપત્રક ભરતી સમયે અનામત અને બિનઅનામત કેટેગરીના (દિવ્યાંગ તથા માજી સૈનિક ઉમેદવાર સહિત) તમામ ઉમેદવારોએ અરજીપત્રક ફી રૂ.૫૦+રૂ.૯ (GST ૧૮%)=કુલ રૂ.૫૯/- https://ojas.gujarat.gov.in વેબસાઈટ પર ભરવાની રહેશે. જે ઉમેદવારોનો ૧:૧૫ ના રેશિયો મુજબ ૧૦૦ ગુણની ઓ.એમ.આર. લેખિત પરીક્ષા આપવા માટે સમાવેશ થતો ન હશે તો તેવા સંજોગોમાં તેવા ઉમેદવારોએ ભરેલ અરજીપત્રક ફી કોઈ પણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહીં. **અરજીપત્રક ફી ભર્યા વગરની અરજી માન્ય રાખવામાં આવશે નહીં.**
2. ઓપ્ટીકલ માર્ક રીડીંગ (O.M.R) લેખિત પરીક્ષા માટે બોલાવેલ બિનઅનામત (જનરલ) કેટેગરીના તમામ ઉમેદવારોએ પરીક્ષા ફી પેટે રૂ.૨૫૦/- + પોસ્ટલ ચાર્જ ભરવાનાં રહેશે.
3. ડ્રાઈવીંગ ટેસ્ટ માટે બોલાવેલ બિનઅનામત (જનરલ) કેટેગરીના તમામ ઉમેદવારોએ ડ્રાઈવીંગ ટેસ્ટ ફી પેટે રૂ.૨૨૫/- ભરવાનાં રહેશે.
4. અનુ.જાતિ, અનુ.જનજાતિ, આર્થિક રીતે નબળા વર્ગ અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનાં ઉમેદવારોએ જો જનરલ કેટેગરીમાં અરજી કરેલ હશે તો તે પૈકી ઓપ્ટીકલ માર્ક રીડીંગ (O.M.R) લેખિત પરીક્ષા / ડ્રાઈવીંગ ટેસ્ટ માટે બોલાવેલ તમામ ઉમેદવારોએ નિયત ફી ભરવાની રહેશે.
5. અનુ.જાતિ, અનુ.જનજાતિ, આર્થિક રીતે નબળા વર્ગ, સા.શૈ.પ.વર્ગ અને માજી સૈનિક તરીકે અરજી પત્રક ભરેલ હશે તેવા ઉમેદવારોને પરીક્ષા ફી ભરવામાંથી નિયમાનુસાર મુક્તિ આપવામાં આવશે. જે ઉમેદવારોએ O.M.R પદ્ધતિથી સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા આપવા ફી ભરવાની થતી હોય તેવા ઉમેદવારોએ O.M.R પદ્ધતિથી સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા અંગેનો કોલલેટર મળ્યેથી નીચેની સુચના મુજબ ફી ભરવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

**સૂચના :**

**પોસ્ટ ઓફીસમાં :**

**"ઓ.એમ.આર. લેખિત પરીક્ષા માટે બોલાવવામાં આવેલ બિનઅનામત (જનરલ) કેટેગરીના તમામ ઉમેદવારોએ અસલ કોલલેટરના આધારે બીજી કોપી કરાવી નિયત કરેલ રૂા.૨૫૦/- પરીક્ષા ફી + પોસ્ટલ ચાર્જ લેખિત પરીક્ષાની તારીખના આગળના દિવસ સુધી (પોસ્ટ ઓફીસના કામકાજના સમય સુધી) કોમ્પ્યુટરાઈઝડ સુવિધા ધરાવતી કોઈ પણ પોસ્ટ ઓફીસ ખાતે જમા કરાવી સિક્કા / સ્ટીકર સાથેની રસીદ અસલ કોલલેટર સાથે**

